

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*શરમ ને સંકોચથી તનમાં જ રહી જાય છે!*
*સાચા સ્નેહીનો સંદેશ મનમાં જ રહી જાય છે!*
*કહી દે નિખાલસપણે વેલેન્ટાઈન ઉભરો -*
*ક્યારેક મનની વાત મનમાં જ રહી જાય છે!*
*(વેલેન્ટાઈન પ્રેમીઓને શુભેચ્છા)*

### હાઈકુ

*સમજો નહીં !*
*સ્નેહના પ્રતીકને -*
*ભૌતિક ભેટ...*

*ગુલાબ નથી,*
*આ છે સ્નેહની સુગંધ -*
*સુંઘો હૃદયથી...*

### ચિંતન

**દયા દિલમેં રાખીએ, નિર્દય તું ક્યું હોય;**
**સાંઈ કે સબ જીવ હૈ, કીડી, કુંજર સોય.**

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર પ્રાણીમાત્ર પ્રત્યે દિલમાં દયા રાખવાનો ઉપદેશ આપતાં કહે છે કે મનુષ્ય, પશુ અને પક્ષીઓ સર્વમાં પરમાત્માનો અંશ છે. પ્રભુ કીડીથી હાથી સુધીના તમામ જીવોમાં આત્મારૂપે વાસ કરે છે અને આત્મા એ જ તો પરમાત્મા છે. એ સત્ય સમજી સ્વીકારીને હે માનવી! તું સર્વે જીવો પ્રત્યે દિલમાં દયા અને પ્રેમભાવ રાખજે. નિર્દય અને ક્રૂર બની પ્રાણીઓની હત્યા કરી નરકનો અધિકારી બનીશ નહીં.**

**પશુ-પંખી-અબોલ જીવ-જંતુ પ્રત્યે પણ એક સજીવ, આત્મા તરફ રાખવામાં આવતી દયા રાખવી જોઈએ.**

**જૈન ધર્મમાં આ અંગે તીવ્ર રીતે - વિચારણા કરવામાં આવી છે.**

### સુવિચાર

- કેળવણી ઉત્તમ વસ્તુ છે, પણ સમયે સમયે એટલું યાદ રાખવું જોઈએ કે, ખરેખર જે જાણવા લાયક છે તે કદી શીખવી શકાતું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- જે લોકો પ્રેમથી ભય પામે છે, એવા લોકો જીવનથી ડરે છે, અને જીવનથી ભયભીય થયેલ માણસ લગભગ મરેલા છે - **ઓશો**
- વિશ્વના નિર્માણમાં જે સ્થાન જળનું છે, તેવું સ્થાન જીવનમાં મૈત્રીનું છે - **ભૂપત વડોદરિયા**
- ભગવાન જેને પોતાના કામનો ભાર સોંપે છે તેને ભાર ઉપાડવાની શક્તિ પણ તેને વગર માગ્યે આપે જ છે - **બોધિવૃક્ષ**
- દુઃખ માણસને હચમચાવી નાખે અને એનામાં જો જીવવાની તાકાત બાકી હોય તો તેને નવો જન્મ આપે છે - **સંત રોબિન**
- દુઃખના દરેક અંધકારમાંથી બહાર નીકળતી વખતે માણસને નવી પાંખો ફૂટે છે - **વજુ કોટક**
- આજનું ઔષધ : ભોંયરીંગણીના બીજનો ધુમાડો લેવાથી દાંતની પીડામાં તરત રાહત થાય છે

*(સંકલન : દિપક વી. આશરા)*

### બોધકથા

એક શિષ્યે ગુરુને કહ્યું, 'ગુરુજી, હું ક્રોધ પર કાબુ મેળવી શકાયો નથી. મને ખૂબ ગુસ્સો આવે છે. એનાથી છૂટકારો મેળવવા હું શું કરું ?'

ગુરુએ કહ્યું, 'આ તો આશ્ચર્યજનક કહેવાય, હાલ જ મને ગુસ્સો કરી દેખાડો જોઉં.'

શિષ્યે કહ્યું, 'કેમ નહીં ?' શિષ્યે કહ્યું, ગુસ્સો તો અચાનક આવી જાય, મને કંઈક ન ગમતું બને તો મારો ગુસ્સો તરત આસમાને પહોંચી જાય છે.'

ગુરુએ કહ્યું, 'તો પછી એનો અર્થ એ થયો કે ક્રોધ કરવો એ તારો ખરો સ્વભાવ નથી. જો આ તારા સ્વભાવમાં જ હોત તો તું ગમે ત્યારે ગુસ્સો કરી દેખાડત. તારી અંદર જે નથી તું તારા પર સવાર કેમ થવા દે, કે જે તારા જીવનની શાંતિ પણ હરી લે છે.'

આ સાંભળ્યા પછી શિષ્યને જયારે પણ ગુસ્સો આવતો ત્યારે તેને ગુરુજીના શબ્દો યાદ આવી જતા. અને ધીમે ધીમે તેને ગુસ્સા ઉપર કાબુ રાખતા ફાવી ગયું.

# એનડીએમાં વિરોધાભાસી વલણો

*તંત્રીસ્થાનેથી...*

નેશનલ ડેમોક્રેટિસ અલાયંસ તરીકે સ્થપાયેલ ગઠબંધન હવે ધીરે ધીરે એના આંતરિક વિરોધાભાસોને કારણે એકમેકની સામે આવી રહ્યા છે. જમ્મુ અને કાશ્મીરમાં જે કમનસીબ પરિસ્થિતિ સરજાઈ ચૂકી છે એ હવે જગજાહેર છે. અહીં સૈન્યની ઉપસ્થિતિ સામે સૌથી પહેલો વાંધો લઈ અલગતાવાદીઓના સૂરમાં સૂર પુરાવવાનું કામ પીડીપીનાં સર્વેસર્વા મહેબૂબા મુફતીએ કર્યું હતું. મહેબૂબા માટે ખીણમાં વર્ચસ્વ ટકાવી રાખવા માટે આ પ્રકારની વ્યૂહરચના જરૂરી હશે એમ માની લઈએ. પરંતુ બીજી તરફ જે પ્રકારની રાજકીય પરિસ્થિતિ સરજાઈ હતી એમાં કેન્દ્રમાં શાસન કરતી ભારતીય જનતા પાર્ટી સાથે ગઠબંધન કરવામાં મહેબૂબાને સત્તારૂઢ થવાની શક્યતા વરતાઈ હતી. વૈચારિક રીતે ૩૭૦ જેવી કલમ મુદ્દે કોઈ પણ કાશ્મીરી નેતા ભારતીય જનતા પાર્ટીના વલણ સાથે લેશમાત્ર સહમતી નથી દાખવતો બલકે એવું દુઃસાહસ કરનાર માટે કાશ્મીર ખીણમાં પ્રવેશ જ બંધ થઈ જાય એવું બંધિયાર વાતાવરણ જામેલું હોય ત્યારે ભાજપ માટે કોઈ પણ કાશ્મીરી પાર્ટી સાથે સમાધાન કે ગઠબંધન કરવા માટે આ મુદ્દે મૌન રહેવું પડે એવી મજબૂરી પણ છે જ. હવે જયારે કાશ્મીર મુદ્દે કેન્દ્ર સરકારની નીતિ સંપૂર્ણપણે નિષ્ફળ ગઈ છે અને અત્યાર લગીના ઈતિહાસમાં કાશ્મીરમાં પાકિસ્તાનની દખલઅંદાજી ટોચ પર પહોંચી છે ત્યારે બેઉ પાર્ટીઓ માટે સાથે રહીને આગામી ચૂંટણી લડવાનું જોખમ શું પરિણામ લાવી શકે તેની ભારતીય જનતા પાર્ટીને બરાબર ખબર છે. તેથી એક તરફ જયારે છાશવારે પાકનાં નાપાક આતંકવાદી છમકલાં માં સંખ્યાબંધ જવાનો જાન ગુમાવી રહ્યા છે ત્યારે સ્વાભાવિક છે કે દેશની પ્રજામાં પાકિસ્તાનને બોધપાઠ ભણાવવાનું ઝનૂન જાગે જ. આ ઝનૂનનો જ પડધો કેન્દ્રીય સંરક્ષણમંત્રી નિર્મલા સીતારામનના કડક નિવેદનમાં દષ્ટિગોચર થઈ રહ્યો છે. પાકિસ્તાન સખણું નથી જ રહેવાનું એની પ્રતીતિ કેન્દ્રને પણ થઈ ચૂકી છે. ભારતીય સેના પમ હવે વાજ આવી ગઈ છે અને એક વાર નિર્ણાયક કામગીરી કરવાની છૂટ મળે એની રાહ જોઈ રહી છે. સંરક્ષણ મંત્રીનું નિવેદન અક્ષરશઃ સેનાની જ આંતરવેદનાનું પ્રતિબિંબ છે. પરંતુ મહેબૂબા માટે ભારત જેટલું જ પાકિસ્તાન પણ 'પોતીકું' છે. કાશ્મીર ખીણના મતદારો પાકિસ્તાન હસ્તકના કાશ્મીર સાથે લોહીની સગાઈ ધરાવે છે. એટલે મહેબૂબા સંઘર્ષ કરતાં સમાધાનની જ તરફેણ કરે તે સ્વભાવિક છે. પરંતુ હવે આવી સુફિયાણી ફોર્મ્યુલા ચાલે એમ નથી, એની સેનાને પ્રતીતિ થઈ ચૂકી છે અને તેથી નિર્મલા સીતારામનને સેનાની મૂંગી વેદના પોતાના શબ્દોમાં વ્યક્ત કરવી પડી છે. પરસ્પર વિરોધી લાગતા આ ભાજપ અને પીડીપીની મહિલા અગ્રણીઓનાં નિવેદનોનો નિષ્કર્ષ એટલો જ કાશ્મીરનું તો જે થવાનું હશે તે થશે, પણ એનડીએના ઘટક પક્ષો વચ્ચેનો ગજગ્રાહ સપાટી પર આવી જતાં ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સુધીમાં એનડીએમાં ભાજપ સાથે કેટલા પક્ષો રહેશે તે શંકા છે! શિવસેના અને તેલુગુ દેશમની જેમ પીડીપી પણ એની સાથે છેડો ફાડે તેવી પૂરી શક્યતા છે.

# દોસ્તીને ઉંમર સાથે કંઈ સંબંધ હોય ખરો?



**નવાં કલેવર**
**નટવર હેડાઉ**

ટ્રીન... ટ્રીન... ટ્રીન...

'હેલ્લો'

'હાય'

'કેમ છો ?'

'મજામાં છું. તમારે કોની સાથે વાત કરવી છે. તે કહેશો ?'

'તારી સાથે'

'મારી સાથે ? પણ હું તો તમને ઓળખતો પણ નથી.'

'હું પણ તને ક્યાં ઓળખું છું. પણ અવાજ શું માણસનો પરિચય ન હોઈ શકે?'

જો અવાજ માણસની ઓળખ હોય તો તમે જ કહો મને મારો અવાજ સાંભળીને મારા અંગે તમે શું માનો છો?

'આ તમે તમે શું મંડ્યો છે. તું કહેતાં શરમ આવે છે?'

'જેને હું સહેજ પણ ઓળખતો નથી તેને તું કહીને કઈ રીતે સંબોધું ?'

'માણસ ઈન્ટરેસ્ટીંગ છો, તારી સાથે મિત્રતા કરવા માગું છું.'

'એક અજાણ્યા માણસ સાથે મિત્રતા થઈ શકે?'

'હાં કેમ નહીં આજ તો પ્રેમનો દિવસ છે. વેલેન્ટાઈન ડે.'

'તો શું થયું, આમ ફોન પર અવાજ સાંભળીને... તેણે વચ્ચે જ અટકાવતાં કહ્યું, તારો અવાજ સાંભળ્યો ને, તેથી હવે તું મારા માટે અજાણ્યો નથી. તારે પરિચયની જરૂર હોય તો કહે.'

'હાં, દોસ્તી કરતાં પહેલાં કમ કે કમ પરિચય તો હોવો જોઈએ.'

'નામ અને સરનામા સિવાય જે પુછવું હોય તે પૂછ.'

'તમે હાલમાં શું કરો છો ?'

'બી.એ.ના સેકન્ડ ઈયરમાં ભણું છું.'

'તો તું અઢાર ઓગણીસ વરસની હોઈશ ખરું ને ?'

'હાં'

'તને ખબર છે મારી ઉંમર કેટલી છે ?'

'કહી દે'

'મારી ઉંમર બેતાલીસ વરસની છે. હું એક ખાનગી બેંકમાં મેનેજર છું.'

'શીટ, ડોંટ ટેલ મી, તારો અવાજ મને આટલો મોટો દગો ન કરી શકે.'

'તારે વિશ્વાસ કરવો કે ન કરવો તે તારી મરજી છે. બાકી હકીકત એ જ છે.'

'ઓહ... નો.'

'પણ, સાંભળ દોસ્તીને ઉંમર સાથે કંઈ સંબંધ હોય ખરો?'

'આઈ એમ સૉરી અંકલ, તમારો ટાઈમ બગાડ્યો.'

ફો કપાઈ ગયો. તે પછી કેટલાય દિવસ સુધી તે પોતાની જાતને પૂછતો રહ્યો.

'અવાજની ઉંમરને સત્યના તેજાબથી ધોવાની જરૂર શું હતી ?'

# વેલેન્ટાઈન ડે



**પ્રસંગસર**
**મૂળજીભાઈ પરમાર**

આજે ૧૪મી ફેબ્રુઆરી એટલે 'વેલન્ટાઈન ડે.' શિશિર વિદાય લઈ રહી છે અને વસંતના વધામણાં થયા છે, પરંતુ હજી કડકડતી ઠંડી ઓછી થતી નથી ! વળી વળીને ઠંડી પોતાનું આધિપત્ય જમાવી રહી છે. વસંતના વાયરાનો વીંઝણો વિંઝાય અને વસંતરાણીની પધરામણી થાય અને પ્રેમની મોસમ પૂરબહારમાં ખીલવા લાગે અને આવી પહોંચે 'વેલેન્ટાઈન ડે' પ્રેમનો પૈગામ લઈને!

આમ તો પ્રેમ એટલે બે વ્યક્તિઓનું નહીં પરંતુ બે દિલોનું - હૃદયનું જોડાણ - મિલન ! પ્રેમ એ એક શ્વાસ છે - ઉચ્છવાસ છે - પરસ્પરનો એક અતૂટ વિશ્વાસ છે ! પ્રેમ એ એક અહેસાસ છે, પ્રેમ એ તો અંતરના ઊંડાણમાંથી આપોઆપ - અચાનક પ્રગટે - ફૂટી નીકળે! પ્રેમ માંગવાનો ન હોય, તે તો આપોઆપ આવે. તેને માપી શકાય નહી, અનુભવી શકાય ! પ્રેમને વહેંચવાન હોય ! પ્રેમને શિખવવાનો ન હોય, પ્રેમ એ તો હોવાની એક નિરંતર ઘટતી - ચિરંતન ઘટના છે.

પોતાના અસ્તિત્વને નિચોવીને કરાતો પ્રેમ એ છે અણીશુદ્ધ, પરિશુદ્ધ નિસ્વાર્થ પ્રેમ ! એ છે હરપળ, હરજગાએ પૂજાતો પ્રેમ ! જયાં સ્વાર્થને કોઈ સ્થાન નથી કે નથી કોઈ મેલીમુલાદ ભરી આકાંક્ષાઓ કે મહેચ્છાઓ ! નથી લોલૂપતા કે પરોપકાર દર્શન કરાવવાની કોઈ હીણ ભાવના કે ખેવના ! ફક્ત અર્પીને કે લૂંટાવીને પ્રેમમાં મગ્ન રહેવાની ઉદાત્ત ભાવના.

વેલેન્ટાઈન ડે ઉજવીએ પણ... આપણી સંસ્કૃતિની પવિત્ર પરંપરા અને સન્માન જળવાય, સંસ્કારની મર્યાદા ન લોપાય અને સંયમ જળવાય તે માટે ભારતના યુવા વર્ગે ધ્યાન રાખવું જોઈએ.

# જીવ અને શિવનું મિલન, સુખ આપે એ શંકર



**ગુલમહોર**
**દિનેશ દેસાઈ**

શ્રદ્ધા અને ભક્તિ માટે ભગવાન શ્રીરામ અને અનન્ય ભક્ત શબરી મૈયાનો પ્રસંગ જાણીતો છે. મૈયા પ્રભુને ચાખી ચાખીને બોર જમાડી રહી છે કે જેથી કોઈ કડવું બોર પ્રભુના મુખ સુધી ન પહોંચી જાય. ભ્રાતા લક્ષ્મણજીની નજરે તો એક ભીલ વૃદ્ધા એંઠા બોર ખવડાવી રહી છે, એ જોઈને ભ્રાતા લક્ષ્મણજી નારાજ જરુર થાય છે પરંતુ ભક્ત અને ભક્તિનો પાર પામી શકતા નથી.

એક પ્રસંગકથા છે. એક નગરશેઠને પ્રામાણિક નોકર ઉપર અનન્ય ભરોસો. નોકર પણ નગરશેઠની સેવા-ચાકરીમાં કોઈ કસર ન રાખે. રાત-દિવસ જોયા વિના વફાદારી અને ખંતથી પોતાની ફરજ બજાવે. ઉનાળાના દિવસો હતા અને શેઠના ઘરે ખેતરેથી તરબૂચનો જથ્થો લાવવામાં આવ્યો હતો. શેઠે નોકરને કહ્યું કે તારા ઘર માટે જોઈએ એટલા તરબૂચ તું લઈ જઈ શકે છે. પરંતુ શરમ-સંકોચના કારણે નોકરે તરબૂચ લેવાનો ઈનકાર કર્યો. આથી શેઠે નોકરને પોતાની પાસે બોલાવ્યો અને પોતાના હાથે તરબૂચના ટુકડા કરી કરીને એક પછી એક ખવડાવતા ગયા.

શેઠ વચ્ચે વચ્ચે તરબૂચના ટુકડા કરીને આપતા આપતા પુછતા પણ ખરા કે "કેવા લાગ્યા, ભાવ્યાને આપણી વાડીના તરબૂચ?"

ભલો અને ઈમાનદાર નોકર શેઠના પ્રેમથી આભારવશ કહેતો જાય કે "હા, ખરેખર ખુબ જ મીઠા અને સારું છે તરબૂચ..."

છેલ્લે તરબૂચનો નાનકડો ટુકડો જ હવે શેઠના હાથમાં બચ્યો હતો. શેઠે છેલ્લો ટુકડો ખાતાં જ મ્હોંમાંથી થૂ થૂ કરીને બહાર કાઢી નાખ્યો. તેઓએ નોકરને મીઠો ઠપકો આપતા કહ્યું પણ ખરું કે "આખું તરબૂચ તો કડવું યા તુરું નીકળ્યું છે, તેમ છતા તેં મને કશું કહ્યું નહિ? આમ ચૂપચાપ ખાઈ લેવાની કોઈ જરુર નહોતી. મને કહ્યું હોત તો આ તરબૂચ બાજુ ઉપર મૂકીને આપણે નવું તરબૂચ ખાવા માટે લઈ શક્યા હોત ને."

નોકરે ખુબ સરસ જવાબ આપ્યો કે "શેઠ, વર્ષોથી તમે મને એક દીકરાની જેમ રાખ્યો છે અને સાચવ્યો છે. મારી સારસંભાળ રાખી છે અને મારી જિંદગી સુધારી દીધી છે. તમે મને પાછલાં વર્ષોમાં ઘણા બધા મેવા-મીઠાઈ ખવડાવ્યા છે. હવે આજે એક તરબૂચ સહેજ કડવું કે તુરું નીકળ્યું હોય અને તમે મને પ્રેમથી ખવડાવી રહ્યા હોવા છતા જો હું ખાવાની ના પાડી દઉં તો તો હું નગુણો ગણાઉં. હું એવું કઈ રીતે કરી શકું?"

એક સામાન્યમાં સામાન્ય નોકરે સાવ સામાન્ય બાબતમાં અને સરળ શબ્દોમાં માણસાઈ અને માનવતાનો બહુ જ મૂલ્યવાન સંદેશો આપી દીધો. સમાજમાં આપણી આસપાસમાં જ એવા બધા સંબંધોના તાણાવાણા જોવા મળે છે કે જ્યાં પરસ્પર વિશ્વાસ, આદર, પ્રેમ, દયા, કરુણા, ઉપકારનું નામોનિશાન જોવા મળતું નથી. પતિને પત્ની ઉપર કે પત્નીને પતિ ઉપર વિશ્વાસ ન હોય. ભાઈને બહેન પ્રત્યે કે બહેનને ભાઈ પ્રત્યે સમાદર યા પ્રેમ ન હોય. જાણે દરેક સંબંધમાં લૂણો લાગી ગયો હોય એવી પરિસ્થિતિ જોવા મળતી હોય છે.

> **આપણી આસપાસમાં જ એવા બધા સંબંધોના તાણાવાણા જોવા મળે છે કે જ્યાં પરસ્પર વિશ્વાસ, આદર, પ્રેમ, દયા, કરુણા, ઉપકારનું નામોનિશાન જોવા મળતું નથી. પતિને પત્ની ઉપર કે પત્નીને પતિ ઉપર વિશ્વાસ ન હોય. ભાઈને બહેન પ્રત્યે કે બહેનને ભાઈ પ્રત્યે સમાદર યા પ્રેમ ન હોય.**

શ્રીજી મહારાજે લોયાના પ્રથમ વચનામૃતમાં પોતાના પરમાનંદી સાધુઓ અને દેશ-દેશના હરિભક્તો સમક્ષ સવાલ કર્યો છે કે "શંકર શબ્દનો શો અર્થ છે?" જીવ અને શિવનું મિલન થાય એનાથી મોટો કોઈ ઉત્સવ ન હોઈ શકે. શિવજીની પ્રસન્નતાનો અવસર એટલે જ શિવરાત્રિ.

સાધુઓ – મુનિઓએ ઉત્તર આપ્યો કે "સુખને કરે તે શંકર કહીએ." આ સાંભળીને શ્રીજી મહારાજે કહ્યું કે "આજ પાછલી ચાર ઘડી રાત હતી તે સમે સ્વપ્નમાં અમને શિવજીએ દર્શન દીધા. તે શિવજી મોટો જબરો નંદીશ્વર તે ઉપર બેઠા હતા અને શરીરે બહુ પુષ્ટ હતા ને ચાલીસ વર્ષની અવસ્થા હતી ને મોટી જબરી જટા હતી ને તે શિવજી ભેળે પાર્વતી હતાં તેણે ધોળાં વસ્ત્ર પહેર્યાં હતાં અને તે શિવજી મોટા સંતની પેઠે શાંતમૂર્તિ હતા અને મારે ઉપર તો શિવજીને ઘણું હેત જણાયું."

વચનામૃતના આ પાઠમાં નાના નિર્માનાનંદ સ્વામીએ પ્રશ્ન પુછ્યો જે "કામને મૂળમાંથી ઉખેડી નાખવો તેનું શું સાધન છે?" ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, "એક તો આત્મનિષ્ઠા અતિ દૃઢ હોય અને અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય વ્રત રાખવું, એ આદિક જે પંચ વર્તમાન તેને દૃઢ કરીને પાળે અને ભગવાનનો મહિમા અતિશે સમજે, એ ઉપાયે કરીને કામનું મૂળ ઉખડી જાય છે અને કામનું મૂળ ઉખડી જાય તો પણ બ્રહ્મચર્યાદિક નિયમમાંથી કોઈ રીતે ડગવું નહિ અને અતિશે કામનું મૂળ ઉખડ્યાનો તો ઉપાય એ છે જે ભગવાનનો મહિમા સારી પેઠે સમજવો."

***જસ્ટ ટ્વીટ :***

"Serve everyone, but do not expect from everyone"

- સેવા સૌની કરવી પરંતુ આશા કોઈ પાસે ન રાખવી.

# વોટ્સએપ વિદ્યાપીઠ...!! ડિયર ! તું વેલ ઈન ટાઈમ આવે એજ મારો વેલેન્ટાઈન...!!



**Hello ફ્રેન્ડસ!**
**સંજય થોરાત 'સ્વજન'**
mail@sanjaythorat.com

સોશિયલ મીડિયા પર સતત આંટાફેરા મારવા, વારંવાર મોબાઈલમાં ડોકીચીયાં કરવા, ખાલીખાલી ભળતી-સળતી પોસ્ટ કરતા રહેવું એ સોનિયાનો સ્વભાવ જ બની ગયો હતો. કામ મેળવવા એ ઉત્તરાખંડથી છેક મુંબઈ પહોંચેલી છોકરી. પોતાના પરિવારથી દૂર થયેલી અને એટલે વન બીએચકેના ફલેટમાં એણે સોશિયલ મીડિયાને જ એનો સાથીદાર બનાવી દીધેલો... ભરપૂર ફોલોઅર્સ, સતત બદલાતા ટ્રેન્ડની માહિતી રાખનારી સોનિયા એટલે 'યો' કહેવાય ને એવી યુવતી! પહેલી જ નજરમાં પ્રેમમાં પડાય એવી, પણ સ્વભાવની અલ્લડ અને બોલ્ડ !



મુંબઈની ગલ્લી, ગર્દી અને ગીચતાને અને ભેજવાળા વાતાવરણ સાથેના વરસાદને એણે અપનાવી લીધો. ગયું અઠવાડીયું ચોકલેટ્સ, રોઝ ડે વગેરેથી જરા ભરચક જ ગયું હતું. શુક્રવારે રાત્રે ટીવી લગાડીને બેઠી પણ હાથમાં રહેલો મોબાઈલ કંઈ છૂટવાનું નામ નહોતો લેતો. રાતનો દોઢ વાગ્યો હતો અને મોબાઈલની લાઈટ બ્લીન્ક થઈ, હજુ તો ડીનર લેવા પુરતો મોબાઈલ બાજુમાં મુક્યો અને ત્યાં આ લાઈટ ? એના ઈન્સ્ટ્રાગ્રામ પર કોઈકની રિકવેસ્ટ આવી હતી. પણ સોનિયાએ બહુ ધ્યાન આપ્યું નહીં ત્યાં તો મેસેન્જર પર એ જ ફોલોઅર્સ મેસેજ હતો. સોનિયાએ એ ટાળ્યું ત્યાં તો ફેસબુક વૉલ પર એજ હાજર...

'વોટ ધ હેલ, કયા કુલ ચીઝ હૈ યે, ડર કા શાહરૂખ બન રહા હૈ...' એ બબડતી હતી ત્યાં તો વોટ્સએપ પર એક મૅસેજ આવ્યો.

ડીપીમાં ગુલાબનું ફુલ હતુ, અને મેસેજ હતો,

'હાય! સોનું,
શરાફત, નજાકત, રૂહ કા રાસ્તા હો તુમ,
અંજાન થે હમ જો ચૌરાહે પે ઢૂંઢતે રહ ગયે.
વક્ત યું નિકલ ગયા જૈસે સરકતી રેત,
જીસે મન્નત સુના ન પયે, વો તૂટા હુઆ તારા હો તુમ !'

આ શાયરાના મેસેજ વાંચી સોનિયા ડિસ્ટર્બ થઈ ગઈ. એક તો 'સોનુ' એ એનાં સ્કૂલી ફ્રેન્ડ કહેતા. એ પૈકી તો હવે મોટાભાગના કોન્ટેક્ટમાં નથી. 'નો ચાન્સ..' કહીને એણે રિપ્લાય કરી દીધો. પણ મગજમાં મેસેજ ફરતો જ રહ્યો. સોમવારે ખુશખુશાલ ઑફિસો પહોંચી. પણ એનાં આનંદમાં દૂધમાં દહીનું મેળવણ નાંખવા નિમેષ આવી પહોંચ્યો. એના પ્રેઝન્ટેશનની ઢગલો ભૂલો બતાવી એને ખખડાવી નાંખી, 'પ્લીઝ, કિપ યોર ફોન ધેઅર એન્ડ કોન્સન્ટ્રેટ ઓન યોર વર્ક' અને ધડામ દઈએ એની કેબિનનું બારણું પછાડી જતો રહ્યો.

સોનિયાનું મગજ ફરી ગયું હતું. ઘરે આવીને એણે મનોમન કેટલીએ નિમેષને સંભળાવી દીધી. કામ પર થયેલું અપમાન જોઈને ઑફિસમાં પણ ચર્ચા હતી કયાંક આ એને મારી ના દે. ફ્રેશ થઈને મોબાઈલ હાથમાં પકડતી ફરી એ બધું ભૂલી ગઈ, મેસેજ પર મેસેજ જોઈને સોનિયા પાછી ખુશ થઈ ગઈ, પણ પેલા ગુલાબવાળા શાયરનો બીજો કોઈ મેસેજ છે ? કારણ એના શાયરાના અંદાજ કયાંક સ્પર્શી ગયો હતો.

> **યાદ થકી હું મઘમઘ થાતો,**
> **તમને બાકી કયાં અડેલો ?**
> **- શ્યામ સાધુ**

સોનિયા એક તરફ નિમેષના વર્તનથી વ્યથિત તો બીજી તરફ પેલા શાયરના મેસેજથી ખુશ એમ બેવડી પરિસ્થિતિમાંથી પસાર થઈ રહી હતી. પણ આ બધામાં સોશિયલ મીડિયા પ્રત્યેનો એનો પ્રેમ જરા પણ ઓછો થયો નહોતો... ફરી રાત્રે બે વાગ્યે, 'હાય સોનું...' નો મેસેજ આવ્યો, પણ આ વખતે કોઈ શાયરીની જગ્યાએ શાહરૂખનો ડાયલોગ, 'કીસી ચીજ કો અગર શિદ્દત સે ચાહો તો, પુરી કાયનાત ઉસે તુમ્હે મીલાનેં કી સાજિસમેં લગ જાતી હૈ...' મોકલ્યો હતો!

સોનિયા આ વોટ્સએપ વિદ્યાપીઠ પરના આવા મેસેજથી થોડી રોમાંચિત થઈ ઊઠી. કોણ મેસેજ કરે છે ? એ વિચારોમાં ગોથા ખાતી હતી. એટલામાં એના ફોનની રીંગ વાગી, એ જ અનનોન નંબર હતો, 'હાય સોનું !' અને એ બોલી, 'જી હા, આપ કૌન ?' સોનિયા વારે ઘડીએ પુછતી રહી, પણ પછી એણે એક પણ શબ્દ ન બોલતા ફોન મુકી દીધો. સોનિયાને અવાજ થોડો પરિચિત લાગ્યો પણ એ પકડી શકી નહી.

આજે ઑફિસ ઓડિટની સાથે રાત્રે પાર્ટી હતી. બધાં એકબીજા સાથે ઉપર ઉપરથી હળીમળીને વાત કરતા હતા. નિમેષ અને સોનિયા પણ સાથે જ ડ્રિંક્સ લઈ રહ્યા હતા. ઓરકેસ્ટ્રાથી લઈ કોમેડિયન સુધીનું મનોરંજન હતું. રાત જામવા લાગી અને સોનિયા બધાંને બાય કહીને નીકળી અને પાછળ નિમેષ પણ...

નિમેષ એની કારમાં બેસતો હતો ત્યાં સોનિયા આવી. 'કોઈ પ્રોબ્લેમ ના હો તો આપણે મૈં છોડ દું !' એણે ઑફર કરી. 'નો થેંક્સ, મુજે આદત હૈ' કહીને મોબાઈલ ખોલી એ 'ઉબર' બુક કરવા લાગી. નિમેષ બોલ્યો, 'જીદ્દીપણું અને તોછડાપણું હજું એવું જ છે.' એની બડબડ સાંભળતા સોનિયા બોલી, 'ઓ હેલ્લો... અપને કામ કે કામ રખો ઔર નીકલો.'

એટલામાં ત્યાં આવેલી ઑટોમાં સોનિયા બેસીને નીકળી પડી. નિમેષને એનું વર્તન ગમ્યું નહીં. રાતના બે વાગવા આવ્યા હતા. એણે સોનિયાની રિક્ષાનો પીછો કર્યો. એ એના ઘરે પહોંચી ત્યાં એને ખબર પડી કે નિમેષ એની પાછલ પહોંચી ગયો છે.

'તેરી હિંમત કૈસે હુઈ યહાં તક આને કી, ધીસ ઈઝ નોટ યોર ઑફિસ યુ બા...' એણે વાતને ગળી જતાં કહ્યું, 'તું દાદરા ચઢ એટલે હું જાઉં.' સોનિયાને ગુસ્સો આવ્યો હતો, પોતાના રસ્તામાં ફરી ન આવવાની તાકીદ કરી એ પગ પછાડતી સીડી ચઢવા લાગી. એટલામાં એનો ફોન વાગ્યો. પેલા માશુકનો જ હતો એવું નંબર પરથી ખબર પડી.

'હેલ્લો... સોનું..'

સોનિયા ચમકી.

'દેખો આપ જો કોઈ ભી હો.... મેરે રાસ્તે આને કી જુર્રત મર કરના, યે હમ આખરી બાર બતા રહે હૈ...'

'હમ તો આપ કે ઘર તક આ ગયે હૈ...' આટલું પેલો બોલ્યો અને સોનિયા ગભરાઈ ગઈ. કારણ હવે એને નિમેષની મદદની જરૂર હતી. શું કરવું અને શું ન કરવું ? એટલામાં ફરી રિંગ વાગી... પણ, હવે ફોનની રિંગ સાથે નિમેષ પણ એની સામે આવીને ઊભો હતો.

'સોનિયા, આપ ઉપર નહીં ગયે ?' એણે સોનિયાને ફલેટ સુધી મુકવા જવાનો નિર્ણય કર્યો. સોનિયાએ બારણું ખોલ્યું. નિમેષને અંદર આવવા વિનંતી કરી, પણ ટલી રાત્રે ન અવાય કહીને એણે બહારથી જ બાય બાય કર્યું, સોનિયાને પોતાની ભૂલ ધ્યાને આવતાં સૉરી અને થેંક્યુ કહેતા આભાર માન્યો. એણે બારણું બંધ કર્યુ અને ફરી ફોન વાગ્યો.

સોનિયાએ ફોન કટ કર્યો અને નિમેષને મળવા ફટાફટ દાદરા ઉતરવા લાગી, ડરના કારણે એ પરસેવે રેબઝેબ હતી. 'નિમેષ, પ્લીઝ વેઈટ ફોર મી...' 'આ કોણ બીકણ સોનિયા ?' એણે એને સમજાવી પાછી ઉપર મોકલી દીધી. એ જેમતેમ ફલેટ સુધી પહોંચી અને ફરી ફોન વાગ્યો, અને તરત કટ થયો... અને પેલો શૅર બોલતો નિમેષ સામે આવીને ઊભો રહ્યો... સોનિયાને તો સાપ સુંઘી ગયો હોય એવી અવસ્થા થઈ. એને વિશ્વાસ જ નહોતો કે આ નિમેષ જ એને ફોન કરતો હતો.

'સોનું, સાંભળ આપણે એક જ સ્કૂલમાં હતા, હું તારો સિનિયર. મને એમ કે સોનું કહીશ તો તું ઓળખી જઈશ. જો સોનું મારો પ્રેમ કરવાનો પ્રકાર અલગ છે પણ પ્રેમ સાચો છે, જો આમ પણ ૧૪ ફેબ્રુઆરીની પરોઢ થવાં જ આવી છે, 'વિલ યુ બી માય વેલેન્ટાઈન ?' અને બંને ભેટી પડ્યાં.

**ચૂંટલો :** પ્રેમ કરવાની સૌની પોતપોતાની સ્ટાઈલ છે, આજે બે-ત્રણ શૅર પ્રેમના દિવસના માનમાં...

મુજકો આદત હૈ રૂઠ જાને કી;
આપ મુજકો મના લિયા કીજિએ !
હૈ કુછ ઐસા કી જૈસે યે સબ કુછ;
ઈસસે પહલે ભી હો ચુકા હૈ કહીં !
જો યહાં સે કહી ન જાતા થા;
વો યહાં ચલા ગયા હૈ કહી!
આ ગયે મિલ યાર તૂ ભી પ્યાર સે;
તો ગલે મુજકો કી વેલેન્ટાઈન હૈ !